Extra No. 151

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **TUESDAY, JUNE 9, 2026 / JYAISTHA 19, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

File No: SBR/POL/e-file/458/2026/2813/Deputy Chitnish - આમુખના પત્રની વિગતે ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર ધ્વારા આયોગની કુલ ચાર જાહેરાતોની સામાન્ય અભ્યાસની સંયુક્ત પરીક્ષા(જાહેરાત ક્રમાંક:૯૯૯૪/૨૦૨૬-૨૭: COMMON GENERAL STUDIES PAPER FOR DIFFERENT ADVERTISEMENT)ની પ્રિલિમનરી પરીક્ષા તા.૦૭/૦૬/૨૦૨૬ (રવિવાર)ના રોજ ૧૧:૦૦ કલાક થી ૦૨:૦૦ કલાક દરમ્યાન યોજાનાર છે. જેથી સાબરકાંઠા જિલ્લામાં જુદા- જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષા યોજાનાર હોઈ જિલ્લાની ભૌગોલીક પરિસ્થિતિને ધ્યાને લેતાં અત્રેના જિલ્લાના કાર્યક્ષેત્રમાં આવતી વિવિધ શાળાઓ/કોલેજો ખાતે લેવાનાર પરીક્ષા સ્વચ્છ અને શાંત વાતાવરણમાં લેવાય, તેમજ વિશ્વસનીયતાનું વાતાવરણ સર્જાય, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, પરીક્ષા સંચાલકો સરળતાથી ફરજ બજાવી શકે અને પરીક્ષાર્થીઓ નિર્ભય રીતે પરીક્ષા આપી શકે તથા કોઈ ખલેલ ન પડે તે હેતુસર તેમજ વિજ પુરવઠો અવિરત ચાલુ રહે તે માટે જે તે પરીક્ષા કેન્દ્રના સ્થળોએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું તા.૦૭/૦૬/૨૦૨૬ના રોજ બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું લલિત નારાયણ સિંઘ સાંદુ, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે-

પ્રતિબંધિત વિસ્તાર અને સમય

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકાના જુદા- જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર ધ્વારા તા.૦૭/૦૬/૨૦૨૬ (રવિવાર)ના રોજ ૧૧:૦૦ કલાક થી ૦૨:૦૦ કલાક દરમ્યાન આયોગની કુલ ચાર જાહેરાતોની સામાન્ય અભ્યાસની સંયુક્ત પરીક્ષા(જાહેરાત ક્રમાંક:૯૯૯૪/૨૦૨૬-૨૭: COMMON GENERAL STUDIES PAPER FOR DIFFERENT ADVERTISEMENT)ની પ્રિલિમનરી પરીક્ષા હોઈ તા.૦૭/૦૬/૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦ કલાક થી સાંજના ૦૫:૦૦ કલાક સુધી નીચેની સુચનાઓની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

પ્રતિબંધિત કૃત્યો

(૧) સાબરકાંઠા જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત પરીક્ષા સમય દરમ્યાન મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટવોચ કે સ્માર્ટપેન કે તે પ્રકારના અન્ય કોઈ ઈલેકટ્રોનીકસ ગેઝેટસ અને અનઅધિકૃત લેખન સામગ્રી સાથે લઈ જઈ શકશે નહીં અથવા તેનો ઉપયોગ કરી શકશે નહીં.

(૨) પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષાના કેન્દ્રોના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ ભેગું થવું નહી કે સૂત્રો પોકારવા નહી કે સરઘસ અથવા રેલી કાઢવી નહીં, પથ્થર કે બીજા અન્ય પદાર્થ લઈ જવા નહીં.

(૩) પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટર સુધીની ત્રિજયામાં પરીક્ષા સમયગાળા સુધી ઝેરોક્ષ કે અન્ય કોપીયર મશીન ચાલુ રાખી શકાશે નહીં.

(૪) પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં પરીક્ષા સમય દરમ્યાન કેન્દ્રમાં સંભળાય તે રીતે માઈક/ મ્યુઝીક વગાડી શકાશે નહી.

(૫) પોલીસ અધિકારી/કર્મચારીના સગા અથવા સંતાનો તેઓને સોંપાયેલ પેટાકેન્દ્ર ખાતે પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તો તે સ્થળે તેઓ બંદોબસ્તની ફરજ બજાવી શકશે નહીં.

(૬) પોલીસ કર્મચારીઓ કોઈ અઘટિત ઘટના બને તે સિવાય પરીક્ષા કેન્દ્રના મકાનની અંદર જઈ શકશે નહીં.

(૭) પરીક્ષા કેન્દ્રોના કેમ્પસની અંદર પરીક્ષાની કામગીરી માટે નિમાયેલ અધિકૃત સ્ટાફ તથા પરીક્ષાર્થીઓ સિવાય અન્ય અનઅધિકૃત વ્યકિતઓ માટે પ્રવેશ પ્રતિબંધ રહેશે.

(૮) પરીક્ષાના દિવસે વિજ પુરવઠો ખોરવાય નહી તે માટે પરીક્ષાના દિવસે ખોદકામ(Digging) કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

અપવાદ :

પરીક્ષા કાર્યવાહીમાં રોકાયેલ અધિકારીઓ/ કર્મચારીઓ તેમનો માન્ય અધિકૃત મોબાઈલ ફોન પરીક્ષા કેન્દ્રમાં લઈ જઈ શકશે, પરંતુ આવો મોબાઈલ ફોન પરીક્ષા ખંડની અંદર કે પરીક્ષા ખંડની બહારની લોબીમાં લઈ જઈ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી. આકરિમક કામગીરી સાથે સંકળાયેલ વ્યક્તિઓ પરીક્ષા કેન્દ્રના સંકુલમાં પ્રવેશવા માટે સક્ષમ ઓથોરીટીની મંજુરીથી પ્રવેશ કરી શકશે.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

સદરહું આદેશનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસેથી મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, કેલકયુલેટર, સ્માર્ટ વોચ કે સ્માર્ટ પેન કે તે પ્રકારના અન્ય કોઈ ઈલેકટ્રોનીકસ ગેઝેટસ, અનઅધિકૃત લેખન સામગ્રી જેવા સાધનો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

આ આદેશનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આજ તા. ૬ઠ્ઠી જુન, ૨૦૨૬ના રોજ મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.29 16:04:18 IST